

મેઘરાજાની પધારમણી : ગુરુપૂર્ણિમાના પાવન પર્વે અને શનિવારની સાંજ મેઘરાજાની પધારમણીનો અદ્ભૂત સંયોગ શુકન ગણાય છે... પાટનગરમાં સમી સાંજે હળવા ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી... જોકે આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે... એક માન્યતા એમ પણ છે કે, શનિવારની સાંજે વરસાદની શરૂઆત આખા સપ્તાહ સુધી વરસાદ જળવાઈ રહેશે... મેઘરાજાને પ્રાર્થના... ઘણા લાંબા વિરહ બાદ આપની પધારમણી સાતત્યપૂર્ણ રહે એમ સૌ કોઈ ઈચ્છે છે...

# એક સપ્તાહ બાદ જિલ્લામાં કોરોનાના પાંચ કેસ

## દહેગામમાં આજે વધુ ૪ કેસ નોંધાયા : સે. ૨૩ માં એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં શાંત રહ્યા પછી આજે પાંચ કેસ કોરોનાના નોંધાતા તંત્ર એકદમ સતર્ક બની ગયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ અને શહેરમાં આજે એક કેસ નોંધાયો છે.

પાંચ દિવસ સુધી એક પણ કેસ કોરોનાનો ન નોંધાતા તંત્રએ રાહત અનુભવી હતી. ગઈકાલે ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો હતો. આજે વધુ ૪ કેસ નોંધાતા તંત્ર સતર્ક બની ગયું છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં બે ખેડૂત અને બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકાના હિલોલ ગામેથી બે ખેડૂતોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત વિઠ્ઠલપુરા અને શિયાવાડા ગામેથી બે ગૃહીણીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકામાં એકી સાથે ૪ કેસ નોંધાતા હરકતમાં આવેલા જિલ્લાતંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોના પાલન અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક થાય તે માટેની સૂચનાઓ આપી છે.

તાલુકામાં ટેસ્ટીંગ વધારવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા વધીને ૪૪ થઈ છે. જિલ્લાતંત્રના જણાવ્યાનુસાર આજે કોઈ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ નથી. ગઈકાલે તંત્રએ ૪૭ એક્ટીવ કેસ દર્શાવ્યા હતા જ્યારે આજે તેમાં ઘટાડો થઈ ૪૪ કેસ દર્શાવવામાં આવ્યા છે. પુનઃ એકવાર તંત્ર દ્વારા આંકડાઓની માયાજાળ શરૂ થતાં લોકોમાં આ મુદ્દો ચર્ચાનો બન્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં છ દિવસ બાદ આજે એક કેસ કોરોનાનો નોંધાયો છે.

ગાંધીનગર શહેરના સે. ૨૩ માં એક ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી અંગેની જરૂરી સૂચનાઓ આપી છે.

શહેરમાં આ સાથે કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા વધીને ૪ થઈ છે. શહેરમાં કોરનાનો રિકવરી રેટ ૯૮ ટકા થયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લાના માણસામાં બે કલાકમાં એક ઈંચ વરસાદ

## હળવા વરસાદી ઝાપટા નોંધાયા જો કે હજુ ૧૫૦ મી.મી. વરસાદની ઘટ યથાવત્

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ ના ગાળા દરમ્યાન ૨૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં હળવા વરસાદી ઝાપટા ગઈ મધરાતથી ચાલુ થયા છે.

જિલ્લામાં ગત મધરાત્રીએ કલોલ અને ગાંધીનગર તાલુકામાં ૨-૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ પછી આજે સવારના ૬ થી ૮ ના સમયગાળા દરમ્યાન દહેગામ તાલુકામાં પણ ૬ મી.મી. જેટલો હળવો વરસાદ નોંધાયો હતો.

આજે સાંજના સુમારે કલોલમાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા. જોકે આજે સાંજે ઠંડો પવન જે રીતે ફુંકાતો હતો તે જોતાં વરસાદ થશે તેવા સંકેતો મળી રહ્યા છે.

આખા રાજયમાં અત્યાર સુધીનો સૌથી ઓછો વરસાદ ગાંધીનગર જિલ્લામાં નોંધાયો છે. કલોલ તાલુકા સિવાય જિલ્લાના અન્ય ત્રણ તાલુકામાં હજુ વાવણીલાયક વરસાદ પણ ન થતાં ખેડૂતો અને લોકો ચિંતાતુર બન્યા છે.

માણસામાં આજે સાંજે ૬ થી ૮ના ગાળા દરમ્યાન વરસાદ એક ઈંચ જેટલો નોંધાતા સમગ્ર તાલુકામાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળતો હતો અને લોકોએ મનભરીને વરસાદની મઝા લીધી હતી.

જિલ્લામાં હજુ ૧૫૦ મી.મી.થી પણ વધુ વરસાદની ઘટ છે અને ખરીફ વાવણીની કામગીરી લગભગ બંધ થઈ ગઈ છે. જો કે દિવેલા અને અન્ય કઠોળ પાકોનું વાવેતર થશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લા ભાજપ સંગઠનમાં નો રીપીટ થિયરીનો અમલ કરાયો

## ૮ ઉપપ્રમુખ, ૮ મંત્રી, ૩ મહામંત્રી અને એક કોષાધ્યક્ષ સાથે ૨૦નું નવુ માળખું જાહેર કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા ભાજપના નવા માળખામાં ''નો રીપીટ'' થિયરીનો અમલ કરી અને ૨૦ આગેવાનોને સ્થાન આપવામાં આવ્યુ છે. જિલ્લાના સંગઠ્ઠનમાં કલોલ શહેર અને દહેગામ શહેરને પણ સ્થાન આપી સંતુલિત માળખાની રચના કરવામાં આવી હોવાનું ભાજપના આગેવાનો કહી રહ્યા છે.

આજે નવા રચાયેલા માળખામાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૮ મંત્રી અને ૧ કોષાધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લામાં સૌથી મોટો વસ્તીની દૃષ્ટિએ ગણાતા ગાંધીનગર તાલુકાને અન્યાય કરવામાં આવ્યાનો થોડો ગણગણાટ સાંભળવા મળ્યો છે.

આજે જાહેર કરાયેલ માળખામાં ગાંધીનગર તાલુકાના ૪, દહેગામના ૬, માણસાના ૪ અને કલોલના ૬ સંગઠ્ઠનના આગેવાનોને સ્થાન આપવામાં આવ્યુ છે. સંગઠ્ઠનના નવા માળખામાં ૬ મહિલાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

**જિલ્લાના સંગટનમાં કલોલ શહેર અને દહેગામ શહેરને પણ સ્થાન આપી સંતુલિત માળખાની રચના કરવામાં આવી હોવાનું ભાજપના આગેવાનો કહી રહ્યા છે.**

ઉપપ્રમુખ તરીકે એસ.પી. ઠાકોર, બિપીનભાઈ પટેલ, સરલાબેન અમીન, ગાંડાભાઈ ચૌધરી, રાકેશભાઈ પટેલ, ગીતાબેન રાઠોડ, નૂતનબેન પ્રજાપતિ, જયદીપ બારોટની નિમણુંક કરવામાં આવી છે.

મહામંત્રી તરીકે રમણભાઈ દેસાઈ, રાજુભાઈ પટેલ, રમેશજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

મંત્રી તરીકે રોહિતભાઈ પંચાલ, ભરતભાઈ સોલંકી, અંજનાબેન પટેલ, વસંતબેન ઠાકોર, મહોબતસિંહ ઠાકોર, દીનાબેન ત્રિવેદી, જગતસિંહ બિહોલા અને ધર્મેન્દ્રસિંહ ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા સંગઠ્ઠનના કોષાધ્યક્ષ તરીકે લક્ષ્મણજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લા ભાજપના પ્રમુખની નિયુક્તીના એક મહિના બાદ આજે સંગઠ્ઠનના નવા માળખાની રચના જાહેર કરવામાં આવી છે. પ્રદેશ મોવડીમંડળ સાથે પરામર્શ કર્યા બાદ આ રચના કરવામાં આવી હોવાનું જિલ્લા સંગઠ્ઠનની યાદીમાં જણાવાયુ છે.

# શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું પણ વાહકજન્ય રોગચાળાએ માથુ ઉચક્યું

## મેલેરિયાના ૪૦ કેસ, ચિકનગુનિયાના બે કેસ અને ડેન્ગ્યુના ૬ કેસ નોંધાયા : સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સ વધારવામાં આવ્યુ : ૧૪ જેટલી વેક્ટર કંટ્રોલ રૂમ બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં એક તરફ કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પણ બીજી તરફ વાહકજન્ય રોગચાળાએ દેખા દેતાં તંત્રની ચિંતા પાછી વધવા પામી છે.

મળતી વિગતો મુજબ હાલ મચ્છરોની ઉત્પત્તિને સાનુકૂળ વાતાવરણ હોવાને કારણે કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. અમદાવાદ પણ નજીક હોવાથી થોડાક કેસોમાં અપડાઉન કરતા લોકો મેલેરિયામાં સપડાયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં મેલેરિયાના ૪૦ જેટલા કેસો, ડેન્ગ્યુના ૬ જેટલા કેસો અને એક કેસ ચિકનગુનિયાનો નોંધાયો છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સર્વેલન્સ માટે વેક્ટર કંટ્રોલ ટીમોની મંજૂરી માંગી હતી જેનો સ્વીકાર કરી ૧૪ જેટલી ટીમો મંજૂર કરી અને આ કર્મયોગીઓની આઉટસોર્સિંગથી ભરતી પણ કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર વાહકજન્ય રોગચાળાને ધ્યાને રાખી તેને

● અનુસંધાન પાન-૭ પર

# શનિવારે જિલ્લામાં ૯૨૮૯ લોકોને વેક્સિનેશન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે રજાનો દિવસ હોવા છતાં ૯૨૮૯ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આજે રવિવારના દિવસે વ્યાપારી અને હોકર્સ માટે ખાસ અભિયાન પણ યોજાશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ સેશન સાઈટો પર ૫૭૨૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪,૬૮,૭૩૫ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જ્યારે ૧,૨૫,૯૭૨ લોકોને રસીના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩૫૨૫ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આજે શહેરમાં ૧૮+ ના યુવાઓએ વેક્સિનેશન માટે ભારે ઉત્સાહ બતાવ્યો હતો. શહેરમાં ૮૫ ટકા જેટલા લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસ ઈન્સ્પેક્ટરની ભરતીમાં ગાંધીનગરના ૧૦ યુવક-યુવતિઓ ઝળકયા

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના અંતે ૪૨ ને નિમણુંક પૈકી ૧૦ ગાંધીનગરના ઉમેદવારો આ પૈકી ૪ દિકરીઓ પણ અફસર બિટીયા તરીકે નગરનું ગૌરવ વધાર્યુ : સમગ્ર રાજયમાં નગરના યુવક યુવતિઓનો પોલીસ ભરતીમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર તા ૨૪

શિક્ષિત કહેવાતા ગાંધીનગરમાં કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃતિને વેગ મળે ત્યારે સોસાયટીના શિક્ષિત સભ્યો ઘેરી ચિંતા વ્યકત કરે છે. પરંતુ શૈક્ષણિક હબ બનતા નગરમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પણ શિક્ષિતો સતત મહેનત કરીને ગળાડુબ સ્પર્ધામાં તેમનુ સ્થાન મેળવે છે. પોલીસ ભરતીની પરીક્ષામાં નગરના ૧૦ ઉમેદવારોને સફળતા મળી છે. ગાંધીનગરની યુવા પેઢી હવે કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં પણ અગ્રેસર બની રહી છે. પરીક્ષાના અંતે પસંદગી પામેલા ૪૨ ઉમેદવારો પૈકી ૧૦ અલબત્ત ૨૫ ટકા ગાંધીનગરના ઉમેદવારોએ પોલીસ ઈન્સ્પેકટરની ભરતીમાં સ્થાન મેળવી ગાંધીનગરનુ ગૌરવ વધાર્યુ છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી પોલીસ ઈન્સ્પેકટર વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાનુ પરિણામ જાહેર થયુ છે. જેમાં ૬૦ ઉમેદવારોને સીધી ભરતીથી વર્ગ-૨ માં નિમણુંક આપવા ગૃહ વિભાગે સુચના આપી હતી જયારે આ ૬૦ પૈકી ૪૨ ઉમેદવારો ના કિસ્સામાં નિમણુંક માટેની શરતોનુ પાલન થતુ હોવાથી હંગામી ધોરણે આ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવાનો આદેશ કરાયો છે. આ ભરતી પ્રકીયાના અંતે ગાંધીનગરના ૧૦ યુવક યુવતિઓની પસંદગી થઈ છે.

### પોલીસ ઈન્સ્પેક્ટરની ભરતી પ્રક્રીયામાં ગાંધીનગરના ૧૦ ઉમેદવારો ઉત્તિર્ણ

| | |
|---|---|
| રવિ લાલજીભાઈ પ્રજાપતિ | સિમંધર સોસાયટી કુડાસણ |
| સુજિતસિંહ લખધીરસિંહ સરવૈયા | સે-૨૧ જ ટાઈપ ગાંધીનગર |
| કલ્પેશકુમાર સવજીભાઈ માનિયા | સે-૭ એ ચ ટાઈપ |
| મનીષાબેન બલદેવભાઈ દેસાઈ | સે-૨ બી |
| પાર્થ હરિસંગભાઈ ચૌધરી | સે-૨૯ વંદે માતરમ પાર્ક |
| ચિરાગકુમાર હરિભાઈ જાદવ | સે-૪ બી |
| વિરેન જગમલભાઈ રાઠોડ | સે-૫ એ |
| નિધીબેન બાવભાઈ કલસારીયા | સે- ૪ બી |
| ભાવિશાબેન ભીખાભાઈ પરમાર | કુડાસણ શ્યામ રેસીડન્સી |
| ખુશાલી અનિલભાઈ ચૌહાણ | સે-૨૨ છ ટાઈપ |

અલબત્ત નગરના યુવક યુવતિઓ પોલીસ ઈન્સ્પેકટરની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. રાજયમાં આ પરીક્ષાને અનુલક્ષી પસંદગી પામેલા ઉમેદવારો પૈકી ૨૫ ટકા માત્ર ગાંધીનગરના છે.

ગાંધીનગરમાં આમ પણ શાળા કોલેજના શિક્ષણ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે હોટફેવરિટ છે. બહારગામથી આવતા વિદ્યાર્થીઓ કે શિક્ષિત બેરોજગારો પણ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગરની પસંદગી કરે છે. ગાંધીનગરમાં પરીક્ષાની તૈયારી માટે તજજ્ઞો તરફથી યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. વિવિધ પ્રકારના વર્ગો પણ ચાલતા હોવાથી શાંત અને હરિયાળુ ગાંધીનગર પરીક્ષાલક્ષી તૈયારી માટે વિદ્યાર્થીઓમાં હોટ ફેવરિટ છે.

પોલીસ ભરતીની આ પ્રક્રીયામાં નગરના ૧૦ ઉમેદવારો મેદાન મારી ગયા છે. જેમાં નગરની ચાર દિકરીઓ પણ હવે પોલીસ અફસર બની ગઈ છે. આ ઉપરાંત ૬ યુવકો પણ હવે કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ફરજ બજાવશે. પોલીસ ભરતી પ્રકીયાના અંતે પસંદગી પામેલા આ ઉમેદવારોને હવે અભ્યાસક્રમ મુજબ ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ગાંધીનગર ખાતે તાલીમ આપવામાં આવશે. જયારે તાલીમ પુર્ણ થયા બાદ ફિલ્ડ ટ્રેનીંગ અંગે સુચના આપવામાં આવશે. આ ઉમેદવારોની નિમણુંક બે વર્ષ માટે અજમાયશી ધોરણે કરવામાં આવી છે.







ટોક્યો ઓલમ્પિકમાં ભારતીય ખેલાડીઓને પ્રોત્સાહન પુરુ પાડવા તેમજ તેમનો ઉત્સાહ વધારવા માટે ગાંધીનગરમાં નહેરુ યુવા કેન્દ્ર દ્વારા એક દોડનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાજભવનથી સરકીટ હાઉસ સુધી યોજાયેલી આ દોડમાં અંદાજિત ૫૦ જેટલા યુવા દોડવીરો જોડાયા હતા. સાંજના સમયે યોજાયેલી આ દોડના લીધે નગરમાં પણ રમત ગમત વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહન મળ્યુ હતુ.


દુકાન વેચવાની છે
Cornerની, ભોંયતળિયે, 525 Sq.ft. પાછળ 100 Sq.ft. અંગત ખુલ્લી જગ્યા સાથે. બે શટર એક પાછળનો દરવાજો
૮૦ મીટર રોડ ટચ, PDPU GiftCity Road, રાયસણ, ગાંધીનગર
M. 9427314286

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com